અપીલ અરજી નં.૩૩૧ તા.૧૮–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય ચંદ્રનાથ શર્મા
સામાવાળાઃ– ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય ચંદ્રનાથ શર્માની તા.૨–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ધ્વારા પ્રતિવર્ષ ખાનગી જગ્યાઓમાં ફટાકડાના સ્ટોલ માટે ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાંથી એન ઓ.સી. આપવામાં આવે છે આ વિષયના અનુસંધાનમાં ૧ લી જાન્યુઆરી ૧૯૯૫ થી ૩૧ મી ડીસેમ્બર ૨૦૦૩ સુધીની ફાયર વિભાગ ધ્વારા આપવામાં આવેલ એન. ઓ.સી. ની યાદી તેમજ ફટાકડાના સ્ટોલ ધારકોને આપવામાં આવેલ એન.ઓ.સી.ની નકલ ઉપરાંત સ્ટોલ ધારકો પાસેથી ફાયર ખાતાએ ઉઘરાવેલ રકમની અવેજમાં આપેલ રસીદની ખાતા પાસે રહેલી નકલની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૧/૨૦૧૦–૧૧

શ્રી અજય ચંદ્રનાથ શર્માની તા.૨–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ધ્વારા પ્રતિવર્ષ ખાનગી જગ્યાઓમાં ફટાકડાના સ્ટોલ માટે ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાંથી એન ઓ.સી. આપવામાં આવે છે આ વિષયના અનુસંધાનમાં ૧ લી જાન્યુઆરી ૧૯૯૫ થી ૩૧ મી ડીસેમ્બર ૨૦૦૩ સુધીની ફાયર વિભાગ ધ્વારા આપવામાં આવેલ એન. ઓ.સી. ની યાદી તેમજ ફટાકડાના સ્ટોલ ધારકોને આપવામાં આવેલ એન.ઓ.સી.ની નકલ ઉપરાંત સ્ટોલ ધારકો પાસેથી ફાયર ખાતાએ ઉઘરાવેલ રકમની અવેજમાં આપેલ રસીદની ખાતા પાસે રહેલી નકલની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે માહિતી મળી ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૩ તા.૨૮–૧–૧૧ થી ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની તા.૨–૧૨–૧૦ ની અરજીથી માહિતી માંગતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૨૨૯ તા.૪–૧૨–૧૦ થી ચીફ ફાયર ઓફિસર (ફાયર વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ધ્વારા પ્રતિવર્ષ ખાનગી જગ્યાઓમાં ફટાકડાના સ્ટોલ માટે ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાંથી એન ઓ.સી. આપવામાં આવે છે આ વિષયના અનુસંધાનમાં ૧ લી જાન્યુઆરી ૧૯૯૫ થી ૩૧ મી ડીસેમ્બર ૨૦૦૩ સુધીની ફાયર વિભાગ ધ્વારા આપવામાં આવેલ એન. ઓ.સી. ની યાદી તેમજ ફટાકડાના સ્ટોલ ધારકોને આપવામાં આવેલ એન.ઓ.સી.ની નકલ ઉપરાંત સ્ટોલ ધારકો પાસેથી ફાયર ખાતાએ ઉઘરાવેલ રકમની અવેજમાં આપેલ રસીદની ખાતા પાસે રહેલી નકલની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૨) ઉપરોકત મુદ્દા નં.૧ ના આધારે ૧ લી જાન્યુ. ૧૯૯૫ થી ૩૧ મી ડીસેમ્બર–૨૦૦૩ ના સમયગાળા દરમ્યાન ફાયર ખાતામાં એન.ઓ.સી આપનાર તમામ અધિકારીઓના નામ, હોદ્દા ઉપરાંત તેઓ હાલમાં કયા ખાતામાં કયા હોદ્દા પર કામગીરી બજાવી રહયા છે જેની વિગતો. મુદ્દા નં.(૩) ઉપરોકત વિગતો સુરત મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની મુખ્ય કચેરી ઉપરાંત શહેરની અન્ય તમામ કચેરીની આપવી. મુદ્દા નં.(૪) ઉપરોકત તમામ માહિતીમાંથી જેટલી માહિતી કોમ્પેકટ ડીસ્ક (સીડી) સ્વરૂપે આપી શકાય તેમ હોય તેટલી (સીડી) સ્વરૂપે બાકીની માહિતી માટે સ્થળ પર રૂબરૂ તપાસ અથવા પ્રમાણિત નકલો અમારા ખર્ચે આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળનો કોઈ અપવાદ જણાવેલ નથી. અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી મળી ન હોવાનું જણાવી તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૧૦ માં મુદ્દા નં.૪ અંગે દફતર તપાસણી સહિત પૂરી પાડવા ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અજય ચંદ્રનાથ શર્મા,